જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૬/૨૦૧૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૦૯૩/૧૬

**અગાઉ એન.ડી.પી.એસ. તથા હથિયારમાં પકડાયેલ નબીઅહેમદ ઉર્ફે નબી પઠાણને એક તમંચો તથા જીવતા કાર્ટિઝ નંગ-૩ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ.**

અમદાવાદ શહેરમાં આગામી રથયાત્રા અનુસંધાને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે સારું ભાંગફોડીયા તત્વોને પકડી પાડવા સારું તેમજ ગેરકાયદેસર હથિયારો શોધી કાઢવા સારું નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ સુચનાઓ આપેલ હોય જે સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઇમબ્રાન્ચના એન્ટી પ્રોપર્ટી સ્કોડ-૨ ના પો.સ.ઇ. શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઈ. શ્રી એ.વાય.બલોચ નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હેડ કોન્સ.રાજેન્દ્રકુમાર જીવરામભાઇ તથા પો.કો ધીરજકુમાર લક્ષ્મણભાઇ નાઓને ખાનગી રાહે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે તેમની ટીમના માણસો સાથે બાપુનગર, અજીતમિલ ચાર રસ્તા પાસે વોચ ગોઠવી અગાઉ એન.ડી.પી.એસ.માં તથા આર્મ્સ એક્ટ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ માથાભારે આરોપી નબીઅહેમદ ઉર્ફે નબી S/O નુરમહંમદ અલ્લાબક્ષ પઠાણ ઉવ.૪૪ રહે.૭૫/૨૮૨, ગુજરાત હાઉસિંગ બોર્ડ, મોમીન મસ્જિદ પાસે, રખિયાલ, અમદાવાદ શહેર નાને ગેરકાયદેસર વગર પાસ પરમીટે (૧) એક દેશી બનાવટનો તમંચો કિં.રૂ.૨૦૦૦/-(૨) તમંચાના કાર્ટીઝ નંગ-૩ કિં.રૂ.૩૦૦/-ની મત્તાનો મુદામાલ રિકવર કરેલ છે. જેથી આ ઘાતક હથિયારો વડે આ આરોપી કોઈ ગંભીર ગુનાને અંજામ આપે તે પહેલાં તેને પકડી પાડેલ છે. સદરી આરોપી પાસેથી મળી આવેલ આ હથિયારો દેશી તમંચો તથા કાર્ટિઝ બાબતે તેની સઘન પુછપરછ કરતાં તેના કારખાનામાં અગાઉ ભરતકામ કરતા રોમી નામના માણસે આપેલ હોવાની કેફીયત રજુ કરેલ છે.

**આરોપીનો ગુનાહિત ઈતિહાસ**

આ આરોપીનો ભુતકાળ જોતાં તે ગુનાહિત માનસ ધરાવે છે. તે અગાઉ સને ૨૦૦૪ માં એ.ટી.એસ.માં એન.ડી.પી.એસ. ના ગુનામાં પકડાયેલ છે અને આ ગુનામાં તે સાડા અગિયાર વર્ષની સજા કાપી ચુકેલ છે. તેમજ સને ૧૯૯૮ માં ક્રાઈમબ્રાન્ચમાં આર્મ્સ એક્ટમાં પણ પકડાઈ ચુકેલ છે.આ આરોપી પાસેથી મળી આવેલ આ હથિયારોમાં બીજા કોઈ આરોપીઓની સંડોવણી છે કે કેમ? તેમજ તેની પાસે આ સિવાય બીજા કોઈ હથિયારો છે કે કેમ? તેમજ આ મળી આવેલ હથિયારો મારફતે કોઈ ગુનો આચરેલ છે કે કેમ? તે દિશામાં સઘન પુછપરછ તપાસ ચાલું છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)